# ફેડરલ મેજિસ્ટ્રેટ કોર્ટ દ્વારા દેશાંતરનાં ચુકાદાની પુન:તપાસણી

## આ પુસ્તિકા કોના માટે છે ?

આ પુસ્તિકા એવા લોકો માટે છે જેઓ ફેડરલ મેજિસ્ટ્રેટ કોર્ટ ઓફ ઓસ્ટ્રેલિયા (Federal Magistrates Court of Australia) દ્વારા વીઝા સંબંધિત ચુકાદાની પુન:તપાસણી થાય તેમ ઈચ્છે છે.

## અદાલત કયા ચુકાદાઓની પુન:તપાસણી કરી શકે છે ?

*દેશાંતર ધારો 1958 (Migration Act 1958)* હેઠળ અદાલત કેટલાક ચુકાદાઓની પુન:તપાસણી કરી શકે છે. દેશાંતર ધારા હેઠળ ચુકાદો આપવા માટે જવાબદાર લોકોમાં ઈમિગ્રેશન અને સિટીઝનશીપ મંત્રી અને રેફ્યુજી રિવ્યૂ ટ્રિબ્યુનલ (Refugee Review Tribunal) અને માઈગ્રેશન રિવ્યૂ ટ્રિબ્યુનલ (Migration Review Tribunal) નાં સભ્યોનો સમાવેશ થાય છે.

કોઈ 'ન્યાયિક ભૂલ' ('jurisdictional error') થઈ છે કે કેમ તે નક્કી કરવા માટે અદાલત માત્ર ચુકાદાની પુન:તપાસણી જ કરી શકે છે. આનો અર્થ એ છે કે ચુકાદો કાયદા પ્રમાણે લેવાયો છે કે નહીં તે અદાલત નક્કી કરે છે.

## અદાલત શું કરી શકે છે ?

જો આપની પુન:તપાસણી માટેની અરજી સફળ થાય તો ચુકાદો આપવા માટે જવાબદાર લોકોને પુન:તપાસણી માટે અદાલત આપનો કેસ પાછો સોંપી શકે છે. અદાલત મંત્રીને પણ આ ચુકાદા પર કોઈ પગલાં લેતા અટકાવી શકે છે.

## અદાલત શું ન કરી શકે ?

અદાલત આપની અરજીની યોગ્યતાઓ વિશે પુન:વિચારણા ન કરી શકે અને આપને વિઝા આપવા જોઈએ કે નહીં તે અંગે પણ ફેરવિચારણા ન કરી શકે.

## શું અદાલત સ્વતંત્ર છે ?

હા, દેશાંતર ધારા હેઠળ ચુકાદા આપતા લોકોથી અદાલત સ્વતંત્ર છે.

## કોણ અરજી કરી શકે ?

જો આપ ચુકાદાથી નાખુશ હો તો અને જો આપને એમ લાગતું હોય કે કોઈ ન્યાયિક ભૂલ થઈ છે તો આપ અદાલતને અરજી કરી શકો છો. અરજી કરતાં પહેલાં આપે કાનૂની સલાહ લેવી જોઈએ.

## અદાલતની સુનાવણી ખાનગી હોય છે ?

સામાન્ય રીતે અદાલતની સુનાવણીઓ જનતા માટે ખુલ્લી હોય છે. જો આપનો કેસ પ્રોટેક્શન વિઝાના ચુકાદા બાબતનો હોય તો અદાલતને આપની ઓળખ છતી કરવાની મંજૂરી આપવામાં આવતી નથી.

## આમાં સમયમર્યાદાનું કોઈ બંધન લાગુ પડે છે ?

ચુકાદા અંગે જાણ કરાયાનાં 35 દિવસની અંદર આપે ફરજિયાતપણે પુન:તપાસણી માટેની અરજી દાખલ કરવાની રહેશે. અદાલત સમયમર્યાદા વધારી શકે છે પરંતુ જો આપને વધુ સમયમર્યાદા જોઈતી હોય તો આપે અરજીમાં તે અંગે જણાવવાનું રહેશે અને તે માટેનું કારણ સમજાવાનુ રહેશે.

## મારે કયા ફોર્મની જરૂર પડશે ?

ચુકાદાની પુન:તપાસણી માટે અરજી કરવા માટે આપે ફરજિયાતપણે:

- અરજી કરવાની રહેશે અને
- એક સોગંદનામું (affidavit) કરવાનું રહેશે.

આપ **www.fmc.gov.au** વેબસાઈટ પરથી અથવા આપના વિસ્તારની નજીકની અદાલત રજીસ્ટ્રી (court registry) માંથી આ દસ્તાવેજો મેળવી શકો છો.

ચુકાદો આપનાર વ્યક્તિએ આપના મતે કઈ ન્યાયિક ભૂલ કરી છે તે વિશે આપની અરજીમાં ફરજિયાતપણે સ્પષ્ટતા કરેલી હોવી જોઈએ. આપના સોગંદનામામાં આ કથિત ભૂલ સાથે સંબંધિત તમામ પ્રસ્તુત હકીકતો અને સંજોગો વિશે આપે સમજૂતી આપવાની રહેશે. આપે આપના સોગંદનામા સાથે જેની પુન:તપાસણી કરવાની છે તે ચુકાદાની નકલ અને ચુકાદા માટેનાં કોઈપણ કારણોનું નિવેદન જોડવાનું રહેશે.

## મારે આ બધા ફોર્મ કોને આપવાના રહેશે ?

એક વખત ફોર્મ તૈયાર થઈ ગયા બાદ આપે અદાલતમાં આપની અરજી અને સંબંધિત દસ્તાવેજો ફાઈલ કરવાનાં રહેશે. દસ્તાવેજો ફાઈલ કર્યા બાદ આપે આપની અરજી અને સંબંધિત દસ્તાવેજોની સીલ કરેલી નકલ મંત્રીને અને મોટેભાગે ચુકાદો આપનાર ટ્રિબ્યુનલને આપવાના રહેશે. આ પ્રક્રિયાને સર્વિસ ઓફ ડોક્યુમેન્ટસ (service of documents) કહે છે.

ઈમિગ્રેશન એન્ડ સિટીઝનશીપ વિભાગ (Department of Immigration and Citizenship) દ્વારા આપ આ દસ્તાવેજો મંત્રીને પાઠવી શકો છો. દરેક પાટનગરમાં આ વિભાગનાં કાર્યાલયો છે. સરનામું મેળવવા માટે **www.immi.gov.au** વેબસાઈટની મુલાકાત લો અથવા 131 881 નંબર પર વિભાગનો સંપર્ક કરો.

## અદાલતની સુનાવણી વખતે શું થશે ?

અદાલત આપની સુનાવણી માટે સમય અને તારીખ ફાળવશે. અદાલતે ફાળવેલી પ્રથમ તારીખે અદાલત નીચેની બાબતો પર આદેશો અને નિર્દેશો આપી શકે છે :

- ત્વરિત સુનાવણી
- બીજી અથવા છેલ્લી સુનાવણીની તારીખ
- સ્ટે અથવા વચગાળાનાં આદેશો
- સુધારેલા અથવા વધુ દસ્તાવેજો ફાઈલ કરવાની સૂચના.

છેલ્લી સુનાવણી પહેલા જો અદાલત ત્વરિત સુનાવણી અથવા બીજી સુનાવણીનો આદેશ આપે તો અદાલત સમક્ષ આપને એ સાબિત કરવાની જરૂર પડી શકે છે કે આપનો કેસ દલીલપાત્ર (arguable case) છે. જો આપ બતાવી ન શકો કે આપનો કેસ દલીલપાત્ર છે તો અદાલત છેલ્લી સુનાવણી કરાવ્યા વગર આપની અરજી ફગાવી શકે છે.

અદાલતની દરેક સુનાવણી વખતે અદાલત આપને આપના કેસ સાથે સંબંધિત મુદ્દાઓ વિશે વાત કરવાની તક આપે છે. જો આપે વકીલ રોક્યો હોય તો તે આપના માટે બોલશે. સામાન્ય રીતે મંત્રીનું પ્રતિનિધિત્વ વકીલ કરશે અને તેઓ અદાલતમાં શું કહે છે તેની સામે પ્રતિભાવ આપવાની આપ અથવા આપના વકીલને તક મળશે. જયારે પણ આપના કેસની સુનાવણી હોય ત્યારે આપે અદાલતમાં હાજરી આપવાની રહેશે, સિવાય કે અદાલતે આપને હાજર રહેવામાંથી મુક્તિ આપી હોય.

અદાલત મોટેભાગે છેલ્લી સુનાવણીનાં અંતે પોતાનો ચુકાદો જાહેર કરતી હોય છે. જો તેમ ન થાય તો અદાલત જે તારીખે પોતાનો ચુકાદો આપશે તે તારીખ અંગે આપને જાણ કરવામાં આવશે.

## દુભાષિયાઓ અંગે હું શું કરી શકું ?

131 450 નંબર પર ઈન્ટરપ્રિટર ટેલિફોન સર્વિસ પર ફોન કરીને આપ અદાલતનો સંપર્ક કરી શકો છો. અદાલતની સુનાવણી વખતે આપના માટે ભાષાંતર કરવા માટે આપને દુભાષિયાની જરૂર હોય તો આપે અરજી પત્રકમાં આ અંગે સ્પષ્ટતા કરવાની રહેશે.

## શું મારે પૈસા ચૂકવવાનાં થશે ?

જ્યારે આપ આપની અરજી ફાઈલ કરો ત્યારે અને છેલ્લી સુનાવણી માટે એમ બે વખત આપે ફી ચૂકવવાની રહેશે. કેટલાક કિસ્સાઓમાં ફી લાગુ પડતી નથી. ફી વિશે આપને વધુ જાણકારી જોઈતી હોય તો અદાલત ખાતે રજીસ્ટ્રી સ્ટાફ સાથે વાત કરો.

જો અદાલત આપની અરજી ફગાવે તો આપે સંભવિતપણે ઈમિગ્રેશન એન્ડ સિટીઝનશીપ વિભાગને થયેલો કાનૂની ખર્ચ ચૂકવવાનો રહેશે. જો આપ સુનાવણી વગર આપના કેસની કાર્યવાહી બંધ કરાવવા ઈચ્છતા હો તો આપે સામાન્ય રીતે ઈમિગ્રેશન એન્ડ સિટીઝનશીપ વિભાગને થયેલા કાનૂની ખર્ચનો થોડોક હિસ્સો ચૂકવવાનો રહેશે.

## હું મારો કેસ પાછો ખેંચી શકું ?

હા. આપની છેલ્લી સુનાવણી અગાઉ 14 દિવસથી ઓછો સમય બાકી રહ્યો હોય તો આપે આપના કેસની કાર્યવાહી બંધ કરાવવા માટે અદાલતની મંજૂરી માંગવાની રહેશે.

## શું મારે કાનૂની સલાહની જરૂર છે ?

આપે શક્ય તેટલા જલ્દી આપની અરજી બાબતે કાનૂની સલાહ લેવી જોઈએ. લીગલ એઈડ ઓફિસ અથવા કમ્યુનિટી લીગલ સેન્ટર તરફથી આપ મફત સલાહ મેળવી શકો છો. અન્યથા આપે આપનો વકીલ શોધી લેવાનો રહેશે અને આ સેવા માટે તેમને જરૂરી રકમ ચૂકવવાની રહેશે.

આ પુસ્તિકામાં માત્ર સામાન્ય માહિતી આપવામાં આવી છે અને તેમાં કોઈપણ કાનૂની સલાહ આપવામાં આવી નથી. જો આપને મૂંઝવતો કોઈપણ કાનૂની મુદ્દો હોય તો આપે શું કરવું તેનો નિર્ણય લેતા પહેલાં અથવા અદાલતમાં અરજી કરતા પહેલાં વકીલનો સંપર્ક કરવો જોઈએ. ફેડરલ મેજીસ્ટ્રેટ કોર્ટ (Federal Magistrates Court) કાનૂની સલાહ આપી શકે નહીં.